દિવ્ય ભાસ્કર ગાંધીનગર 27-03-2025

# ઈજનેરી પ્રવેશ માટે અવેરનેસ કાર્યક્રમ યોજાશે

ભાસ્કર ન્યૂઝ | ગાંધીનગર

ધોરણ-12 સાયન્સ અને તે પછી ગુજકેટની પરીક્ષાઓ પણ પૂર્ણ થઈ ગઈ છે અને ધોરણ- 12 સાયન્સ પછી ઈજનેરી કે તે પ્રકારના પ્રોફેશનલ કોર્સમાં પ્રવેશ મેળવવા ઈચ્છતા વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપવા માટે એડમિશન કમિટી ફોર પ્રોફેશનલ કોર્સીસ (એસીપીસી) દ્વારા અવેરનેસ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. 30 માર્ચ ને રવિવારના રોજ સેક્ટર-28ની સરારી ઈજનેરી કોલેજના સી.વી. રામન હોલ ખાતે સવારે 11થી 1 વાગ્યા દરમિયાન આ અવેરનેસ કાર્યક્રમ યોજાશે. જેમાં ધોરણ-12 સાયન્સ પછી ડિગ્રી એન્જિનિયરીંગ તથા ડિગ્રી-ડિપ્લોમા ફાર્મસી જેવા અભ્યાસક્રમોમાં પ્રવેશ માટે ઈચ્છુક વિદ્યાર્થીઓ ભાગ લઈ શકશે.